RAD-001-001627 Seat No. ________

# B. A. (Sem. VI) (CBCS) Examination

**March - 2019**

## Gujarati : Paper - 22

*(અપઠિત, ગદ્ય - પદ્ય વિવરણ, નિબંધ)*

*(Old Course)*

**Faculty Code : 001**
**Subject Code : 001627**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના** : (૧) બધા પ્રશ્નો ફરજિયાત છે.
(૨) બધા પ્રશ્નોના ગુણ સરખા છે.

૧ નીચેના કાવ્યનો રસાસ્વાદ કરાવો : **૧૪**

તેં પૂછ્યો પ્રેમનો મર્મ
અને હું દઈ બેઠો આલિંગન,
જ્યાં પ્રથમ મેઘ વરસ્યો
સરિતાઓ તોડ્યાં તટનાં બંધન.

કોઈ અગોચર ઈજન દીઠું નયનભૂમિને પ્રાંગણ,
હું સઘળી મોસમમાં માણું એક અહર્નિશ ફાગણ
શતદલ ખીલ્યાં કામ્ય કમળ પર
સૌમ્ય ગીતનું ગુંજન.

નીલ વર્ણનું અંબર એમાં સોનલવરણી ટીપકી,
વીંધી શ્યામલ ઘટા પલકને અંતર વીજળી ઝબકી.
નયન ઉપર બે હોઠ આંકતા
અજબ નેહનું અંજન

**- હરીન્દ્ર દવે.**

**અથવા**

ફાગણની કાળઝાળ સુક્કી વેળામાં તારું પહેલાં વરસાદ સમું આવવું
હવે આંખોને કેમ રે ભુલાવવું
બળતે બપ્પોર ભીનો પગરવ સુણીને
કાંઈ વાસ્યાં કમાડ અમે ખોલ્યાં
ચારે આંખોના એવાં અંધાર્યા વાદળાં
કે શમણે આવેલ મોર બોલ્યા
ઓચિંતા ધોધમાર સામસામે આપણે ઊભા રહ્યાંનું પૂર આવવું
ફળીયે પલાશફૂલ નીતરતું ઝાડ
અને હું રે વેરાઈ જઉં રાનમાં
મારી હથેલીમાં ય એવી રેખાઓ
જેવી રેખા છે ખાખરાના પાનમાં
લીંબોળી વાવીને છાંયડા ઉછેરું પણ ચોમાસું કેમ કરી વાવવું
ફાગણની કાળઝાળ સુક્કી વેળામાં તારું પહેલા વરસાદ સમું આવવું
હવે આંખોને કેમ રે ભુલાવવું

- **રમેશ પારેખ**

૨ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો : **૧૪**

કોઈ પણ સાહિત્યકૃતિ પોતાના વિશિષ્ટ જીવનદર્શન વિનાની હોતી નથી. પ્રત્યેક કવિની નાનામાં નાની કૃતિમાંથી પણ જીવનદ્રષ્ટિ ધ્વનિત થતી હોય છે. અને એટલા માટે જ કવિને દ્રાષ્ટા પણ કહેલો છે. તો હવે જે પોતે દ્રષ્ટા છે, તેના સર્જનને તમે દર્શન વિના મૂલવવાનો પ્રયત્ન કરો એ ચાલે જ શી રીતે ? તમે માત્ર તેના કૌશલ્યની જ પરીક્ષા કરો, એની જ કદર કરો, તેનું જ મૂલ્ય આંકો, અને એ કૌશલ્યની પાછળ કવિનું જે વિશિષ્ટ દર્શન રહેલું છે તેનો વિચાર જ ન કરો એ શી રીતે ચાલે ? એટલે આમ કેવળ કવિકૌશલનો જ વિચાર કરીને કરેલું મૂલ્યાંકન સદા અધૂરું જ રહેવાનું કાવ્યનું જેમ દર્શનમાંથી થાય છે તેમ કાવ્યનું સાચું પરીક્ષણ પણ દર્શન જ કરી શકે છે.

- **નગીનદાસ પારેખ**

**અથવા**

સાહિત્ય એ જીવનનું પ્રતીક છે. જીવન નિરોગી, પ્રસન્ન, સેવા પારાયણ, પ્રેમપૂર્ણ અને પરાક્રમી હોય તો તેના બધા જ વ્યાપાર આકર્ષક અને પ્રભાવશાળી થવાના. જે વિચારમાં આર્યતા છે, ઉદાત્તતા છે અને સર્વમંગલકારી ભાવના છે. તેનું શબ્દશરીર એની મેળે જ ભાવગંભીર, લલિત, કોમલ અને પ્રસાદપૂર્ણ થવાનું જ. સાહિત્યની ઉન્નતિ કરવી હોય તો જીવનની ઉન્નતિ કરીએ, સાહિત્ય એ જીવનની છાયા છે. જીવનની સુગંધ છે.

- **કાકાસાહેબ કાલેલકર**

૩ નીચેના વિષય પર નિબંધ લખો : ૧૪

વ્યક્તિગત વ્યવસાય કે નોકરી : નવી પેઢીની દ્રષ્ટિએ

**અથવા**

૩ નીચેના વિષય પર નિબંધ લખો : ૧૪

સાહિત્ય અને સમાજાભિમુખતા

૪ નીચેના વિષય પર નિબંધ લખો : ૧૪

અંગ્રેજી માધ્યમ અને ગુજરાતી માધ્યમ

**અથવા**

૪ નીચેના વિષય પર નિબંધ લખો : ૧૪

સાહિત્ય અને જીવનમૂલ્યો

૫ નીચેનામાંથી કોઈ પણ **બે** જવાબ આપો : ૧૪

(૧) જીવનમાં સાહિત્યનું સ્થાન

(૨) સાહિત્ય અને ધર્મ

(૩) ટીવીના લાભ-ગેરલાભ

(૪) સમાજોપયોગી માધ્યમ તરીકે ફેસબૂક